Extra No. 70

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **FRIDAY, MARCH 6, 2026 / PHALGUNA 15, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૬

તારીખઃ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૦નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

લતા બી. નાયક,

સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 10 OF 2026.

GUJARAT AGRICULTURAL UNIVERSITIES (AMENDMENT) BILL, 2026.

A BILL

further to amend the Gujarat Agricultural Universities Act, 2004.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૦.

ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક, ૨૦૨૬.

ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૪ના ગુજરાતના ૫-મા અધિનિયમની અનુસૂચિ ૧-નો સુધારો.

સન ૨૦૦૪નો ગુજરાતનો ૫-મો.

૨. ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪-માં, અનુસૂચિ ૧-માં,-

(૧) ભાગ ૧-માં, અનુક્રમાંક ૯ પરની નોંધ કમી કરવી;

(૨) ભાગ ૨-માં, અનુક્રમાંક ૧૦ પરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

“૧૧	બોટાદ જિલ્લો”.

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, ગુજરાત રાજ્યમાં કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોનું શિક્ષણ આપવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, નવસારી કૃષિ યુનિવર્સિટી અને સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી એ નામની અધ્યાપન અને જોડાણ કરનારી યુનિવર્સિટીઓ સ્થાપવા અને તેનું સંસ્થાપન કરવા માટે, ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ અધિનિયમિત કર્યો છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં એકસરખી ભૌગોલિક સ્થિતિ અને ખેતીની પદ્ધતિ હોવાને કારણે, બોટાદ જિલ્લાના યુનિવર્સિટી વિસ્તારને, આણંદ કૃષિ યુનિવર્સિટીની હકૂમતમાંથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં તબદીલ કરવો જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

જીતુભાઈ વાઘાણી,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૫મી માર્ચ, ૨૦૨૬. **જીતુભાઈ વાઘાણી.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,
તારીખ: ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.05.06 18:44:05 IST